# આપણી દેશભક્તિ માત્ર એક દિવસ પૂરતી જ!?

## પ્રિય સન્નારી

કેમ છો? મજામાં ને?

આજે ભારત આઝાદીનાં ૭૯ વર્ષ પૂરાં કરીને ૮૦ મા વર્ષમાં પ્રવેશ કરશે. સ્વતંત્ર દિવસનો પર્વ આપણે ઠેર ઠેર ધ્વજવંદન કરીને અને દેશભક્તિને લગતાં કાર્યક્રમો કરીને ઉજવીએ છીએ. ‘જય હિન્દ’ અને ‘વંદે માતરમ’ના સૂત્રોચ્ચારથી ભારતની એક એક ગલીઓ ગુંજી ઊઠે છે. આપણે સૌ પણ એમાં જોડાઈએ છીએ અને ધ્વજવંદનમાં ઉત્સાહથી ભાગ પણ લઈએ છીએ. દરેકે આઝાદીના પર્વમાં ભાગ લેવો પણ જોઈએ પરંતુ શું તમને નથી લાગતું કે આપણે આપણી દેશભક્તિ આ એક દિવસ પૂરતી જ રાખીએ છીએ? ભારત દેશના નાગરિક તરીકે આપણે વર્ષના બાકીના દિવસોમાં કેવું વર્તન કરીએ છીએ તેનો કયારેય ખ્યાલ કર્યો છે? ચાલો, જરા સ્પષ્ટ વાત કરીએ.

‘મેરા ભારત મહાન’ ૧૫ મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ બોલવું ગર્વની વાત છે પરંતુ શું એટલું જ પૂરતું છે? કે પછી શું એટલું માની લેવું જ પૂરતું છે? આખા વર્ષ દરમિયાન આપણે એવું કયું કામ કરીએ છીએ કે જેના લીધે આપણા દેશને આપણા પર ગર્વ થાય? દેશભક્તિ ફક્ત ભારતીય જવાનોએ જ નથી બતાવવાની હોતી, તે ભારતના દરેક નાગરિકના DNA માં હોવી જોઈએ. દેશભક્તિ આપણાં વાણી અને વર્તનમાં છલકાવી જોઈએ. આપણા રોજબરોજના જીવનમાં નાની-નાની આદતો બદલીને પણ આપણે દેશ પ્રત્યેની આપણી ફરજ બજાવી શકીએ છીએ. જેમ કે, ‘સ્વચ્છ ભારત અભિયાન’ શરૂ તો થયું પરંતુ આપણામાંથી કેટલા લોકોએ તેનું ચુસ્તપણે પાલન કર્યું? શું આપણે રસ્તા પર કચરો ફેંકવાનું કે રસ્તા પર થૂંકવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું છે? ના અને છતાં આપણે ઈચ્છીએ છીએ કે આપણું શહેર સ્વચ્છ રહે. તે કેવી રીતે બની શકે? આપણું શહેર સ્વચ્છ રાખવાની જવાબદારી ફક્ત સરકારની નથી, આપણી પોતાની પણ છે. આ બાબતમાં વિદેશના લોકો પાસેથી ચોક્કસ શીખવું જોઈએ . તેઓ સ્વચ્છતાની બાબતમાં આપણા કરતાં ઘણા આગળ છે. રસ્તા પર કચરો ના ફેંકવો, કચરાનું વર્ગીકરણ કરીને આપવું, આ જવાબદારી આપણી છે. જેનાથી આખરે આપણા શહેરને, દેશને સ્વચ્છ રાખવામાં આપણે એક રીતે સહભાગી બનીએ છીએ. સ્વચ્છતા અભિયાનની સ્પર્ધામાં પહેલો નંબર લઈ આવવું એ ધ્યેય બનાવવાને બદલે સ્વચ્છતા રાખવાને આપણી દિનચર્યામાં વણી લેવી જોઈએ. સ્વચ્છતા રાખવી એ સ્પર્ધા નહિ પરંતુ જીવનશૈલી છે.

બીજું, એક મહત્ત્વનું પરિવર્તન લાવવાની જરૂર છે તે છે ટ્રાફિક નિયમોનું પાલન. ચાર રસ્તા પર સિગ્નલ હોય છે છતાં કેટલા તેને અનુસરે છે? ટુ -વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ પહેરવી અને ફોર વ્હીલર ચલાવતી વખતે સીટ બેલ્ટ લગાવવો અનિવાર્ય છે, વાહનનું PUC અને પોલીસી હોવા જરૂરી છે, ચાલક પાસે લાયસન્સ હોવું અનિવાર્ય છે. આ બધા નિયમો આપણી સુરક્ષા માટે હોય છે. છતાં, ભારતમાં રસ્તા પર જોખમી રીતે વાહન ચલાવનારાઓની સંખ્યા અને રોડ એક્સિડન્ટમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા અન્ય દેશો કરતાં ઘણી વધારે છે. જયારે પણ કોઈ વિદેશ જાય ત્યારે ત્યાંની ટ્રાફિક સેન્સના વખાણ કરે છે પરંતુ તે જ વ્યક્તિ ભારતમાં ટ્રાફિકના નિયમોનું ભાગ્યે જ પાલન કરતી હોય છે. આની પાછળ આપણી બિનજવાબદારી અને સંબંધિત અધિકારીઓની બેદરકારી કારણભૂત છે. આપણે શા માટે નથી સમજી શકતા કે ટ્રાફિકના નિયમોનું પાલન કરવાથી ફક્ત આપણી જિંદગી જ બચતી નથી પરંતુ આપણા દેશની છબી પણ સુધરે છે. કોઈ પણ સરકારી કાર્ય કે બેન્કનાં કામ કે અન્ય કોઈ કાર્ય માટે જાહેર સ્થળોએ જઈએ ત્યારે લાઈનમાં ઊભા રહેવું, ધક્કામુક્કી ન કરવી એ પણ શિષ્ટાચારનો એક ભાગ છે. જાહેર સ્થળોએ યોગ્ય વર્તન કરવું એ આપણી નૈતિક અને સામાજિક ફરજ છે. તેના દ્વારા આપણે દેશની ભદ્ર છબિ દુનિયા સામે ઊભી કરીએ છીએ.

આજે શિક્ષણને લઈને ભારતમાં ઘણી જગ્યાએ આંદોલન અને વિરોધ ચાલી રહ્યાં છે. શિક્ષણજગતમાં ચાલતાં રાજકારણ, ભ્રષ્ટાચાર અને સગાંવાદને કારણે કેટલાય તેજસ્વી વિદ્યાર્થીઓ ભારત છોડીને વિદેશ જતા રહે છે. મોંઘા શિક્ષણની સામે ઓછા પગારની નોકરી અથવા નોકરી મળવાની અનિશ્ચિતતા, સગાંવાદ અને ભ્રષ્ટાચાર, પેપર લીકની સમસ્યા તેમ જ સમગ્ર શૈક્ષણિક પદ્ધતિ પર ઊઠતાં સવાલો એક જ દિશા તરફ ઈશારો કરે છે કે હવે તેની ત્રુટિઓ દૂર કરવાનો સમય આવી ગયો છે. સરકારી કાર્યોમાં તો ભ્રષ્ટાચારે દેશની ઘોર ખોદી છે. તેના કારણે સામાન્ય નાગરિક જિંદગીભર પરેશાન થાય છે અને અંતે નિરાશ થઈ જાય છે. જાહેર રસ્તાઓ બનાવવામાં, પુલોના બાંધકામમાં, સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારને કારણે દેશ સતત પાછળ ધકેલાતો રહે છે.

આ કોઈ ફરિયાદો નથી, આ આપણા દેશની ખામીઓ છે. કહેવાય છે ને કે કોઈ પણ દેશ ‘પર્ફેક્ટ’ હોતો નથી, તેને ‘પર્ફેક્ટ’ બનાવવો પડે છે . જયારે આપણે આપણી ત્રુટિઓથી અવગત થઈશું ત્યારે જ તેને દૂર કરવાના પ્રયત્નો પણ કરી શકીશું. બસ, હવે આપણે એ પ્રયત્નો પૂરી નિષ્ઠાથી કરવાના છે. દેશભક્તિ ફક્ત ૧૫ ઓગસ્ટ કે ૨૬ મી જાન્યુઆરી પૂરતી જ નહિ પરંતુ આપણાં વર્તન -વ્યવહાર માં ઉતારવાની છે. દેશ પ્રત્યેની નાની -નાની ફરજ નિભાવીને પણ તેનું ઋણ ચૂકવી શકાય છે.

આપણને થવું જોઈએ કે આ મારો દેશ છે તો તેને સ્વચ્છ રાખવાની જવાબદારી પણ મારી જ છે; ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ આપણા સૌની ફરજ છે અને તે નિયમોનું પાલન કરાવવાની જવાબદારી સંબંધિત અધિકારીની છે. તેમાં કોઈ પણ પ્રકારની બાંધછોડને અવકાશ ન હોવો જોઈએ. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દેશની પ્રગતિમાં ફાળો આપે છે અને તેના બાંધકામ અને નિયમોના અમલીકરણમાં સંબંધિત અધિકારીઓ પ્રામાણિકતા દાખવે તે તેમનું નૈતિક અને રાષ્ટ્રીય દાયીત્વ છે. મજબૂત નેતૃત્વ, સ્પષ્ટ વ્યવસ્થા, નૈતિકતા, સ્વચ્છતા અને શિષ્ટાચાર આપણે વર્તનવ્યવહારમાં વણી લઈએ ત્યારે જ આઝાદીની ઉજવણી યથાર્થ થશે. દેશભક્તિની ઉજવણી એક દિવસની નહિ પરંતુ દરરોજ હોવી જોઈએ. દેશભક્તિ એ કોઈ ધ્યેય નથી પરંતુ આપણી આદત હોવી જોઈએ. ખરું ને? તમને શું લાગે છે? જરૂરથી જણાવજો. જય હિન્દ.

- સંપાદક




## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in



## સપ્તાહની તસવીર

‘સ્વાતંત્ર્યદિન’ નિમિત્તે ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **માનસી મસાલાવાળા**, **રુચિ દવે** અને **ફ્રેશમી કપૂર**ની છે. માનસી ફૂડ બિઝનેસ સાથે સંકળાયેલાં છે. એમને ટ્રાવેલિંગ, બાઈક રાઈડીંગ અને પેન્ટિંગનો શોખ છે. રુચિ મેડિકલ એજન્સીમાં કાર્યરત છે. એમને રીડીંગ અને ટ્રાવેલિંગનો શોખ છે. ફ્રેશમી ઈન્ફ્લુએન્સર અને કન્ટેન્ટ ક્રિયેટર છે. એમને ડાન્સિંગ અને બેકિંગમાં રુચિ છે.